GST Guide
A Utility by GSTupdates.com

GST ની સાદી સમજ

શાહ ટીલાણી એન્ડ એસોસીએટ્સ
ચાર્ટર્ડ એકાઉન્ટએન્ટસ

:-પુસ્તિકા સંકલાનકારો -:

CA જીનેશ શાહ

CA જીતેન્દ્ર ટીલાણી

(પ્રાઇવેટ સર્ક્યુલેશન માટે)

આ પુસ્તિકા કરદાતા ઓ ના સામાન્યમાર્ગદર્શન માટે સંપુર્ણ પ્રયત્ન અને કાળજી પૂર્વક તૈયાર કરીછે. છતાં વિશ્લેષણ અથવા અનુવાદન કરવામાં કોઈ ખામી હોય તો અમારી કોઈ જવાબદારી નથી. વધુ ચોખવટ માટે પોતાના સલાહકાર ની સલાહ લેવી.

ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષ (GST) ની સાદી સમજ

ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષ (GST) લાગુ પડવાથી હાલના અપ્રત્યક્ષ કર વેરાઓ (INDIRECT TAXES) જેવાકે સેન્ટ્રલ એકસાઈઝ, સર્વિસ ટેક્ષ, વેલ્યુ એડેડ ટેક્ષ (VAT), એન્ટ્રી ટેક્ષ, મનોરંજન વેરો, લક્ષઝરી ટેક્ષ વગેરે સમલીકરણ થઈ GST લાગુ પડશે.

–: ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષ (GST) ના પ્રકારો :–

✓ **કેન્દ્ર સરકારે ઓગષ્ટ ૨૦૧૬માં લોકસભામાં GST કાયદો પ્રસારીતકર્યા જે પૈકી** GST ત્રણ ભાગમાં વહેચાયેલ છે.

(૧) SGST (રાજય સરકાર હેઠળ આવશે)

SGST માં હાલના તબકકે VAT , મનોરંજન વેરો, લકઝરી ટેક્ષ, લોટરી વગેરે પરનો વેરો રાજયના લગતા ટેક્ષ અને સરચાર્જ તેમજ એન્ટ્રી ટેક્ષ આ કાયદામાં મર્જ કરી રાજય ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષ (SGST) નામ આપવામાં આવેલ છે.

(૨) CGST (કેન્દ્ર સરકાર હેઠળ આવશે)

CGST કેન્દ્ર સરકારને મળવાપાત્ર વેરો જેવાકે એકસાઈઝ ડયુટી, વધારાની એકસાઈઝ ડયુટી તથા અન્ય કાયદા હેઠળ લાગતી સ્પેશીયલ એકસાઈઝ ડયુટી, સર્વીસ ટેક્ષ, વધારીની કસ્ટમ, સેસ અને સરચાર્જનો સમાવેશ આ કાયદામાં કરેલ છે.

(૩) IGST (ઈન્ટીગ્રેટેડ જી.એસ.ટી.)

- IGST માલ અને સેવાઓના આંતર રાજયના વ્યવહારો પર લાગુ પડશે એટલે કે રાજય બહાર સપ્લાય કે સેવાઓ કરવામાં આવશે તેના ઉપર વેરો લેવામાં આવશે. આ વેરો કેન્દ્ર સરકાર ધ્વારા લેવામાં આવશે.
- IGST નો દર CGST અન SGST ના કુલ બરાબર હશે.
- GST કાયદાનો અમલ ત્રણ વિભીન્ન કાયદા થકી કરવામાં આવશે.
    - GST ACT 2017
    - SGST ACT 2017
    - IGST ACT 2017

શાહ ટીલાણી એન્ડ એસોસીએટ્સ

ઉદાહરણ – ૧

- ગુજરાતના વેપારી "A" એ રૂપીયા ૧૦,૦૦૦/–નો માલ ગુજરાતના વેપારી "B" ને વેચ્યો.
- ગુજરાતનો વેપારી "B" એ માલ રીટેલમાં રૂપીયા ૨૦,૦૦૦/–માં રાજસ્થાનના વેપારી "C" ને વેચ્યો.
- અને એ જ રાજસ્થાન ના વેપારીએ એજ માલ ગ્રાહક (END USER) રૂપીયા ૩૦,૦૦૦/–માં વેચ્યો. GST નો દર **18% છે.**

વિગત	A TO B ગુજરાત થી ગુજરાત	B TO C ગુજરાત થી રાજસ્થાન	C TO END USER રાજસ્થાન થી ગ્રાહક
માલ ની કિંમત	રૂ. 10,000/-	રૂ. 20,000/-	રૂ. 30,000/-
CGST	રૂ. 900/-	-	રૂ. 2,700/-
SGST	રૂ. 900/-	-	રૂ. 2,700/-
IGST	-	રૂ. 3,600/-	-

–: GST ના દરો :–

- ✓ EXEMPTED - એજયુકેશન, સ્વાસ્થ સેવાઓ (HEALTH CARE), ખેતી અને કૃષી, જાહેર પરીવહન સેવાઓ.
- ✓ ZERO " 0 " - જીવન જરૂરીયાતની વસ્તુઓ. જેમકે ફુડ ગેઈનસ.
- ✓ 5% - સ્ટીલ,લોખંડ અને અન્ય જીવન જરૂરી વસ્તુઓ.
- ✓ 12% - વર્કસ કોન્ટ્રાકટ, કોમ્પ્યુટર, પ્રોસેસડ ફુડ વગેરે.
- ✓ 18% - મોટાભાગની વસ્તુઓ અને સેવાઓ પર [STANDARD RATE]
- ✓ 28% - લકઝરી માલ ઉપર.
- ✓ 28%+CESS - લકઝરી કાર, તમાકુ અને સીગારેટ જેવી વસ્તુઓ.

–:સપ્લાયનું મહત્વ અને વ્યાખ્યા :–

- ✓ વેટ (VAT) ના કાયદામાં ખરીદ અને વેચાણના વ્યવહાર પર વેરો (TAX) લાગે અને એકસાઈઝ ડયુટી ઉત્પાદન (Manufacture) પર વેરો લાગે છે. જયારે GST માલ/સેવાઓના " સપ્લાય" પર વેરો લાગે.
- ✓ GST માં સપલાય એ મહત્વનો ભાગ ભજવશે.
- ✓ રૂા.૫૦,૦૦૦/– થી ઉપરની સપ્લાય ઉપર E-WAY બીલની આવશ્યકતા રહેશે.

➢ **સપ્લાયની વ્યાખ્યા મુજબ** :

- ✓ માલ કે સેવાની તબદીલી કરતા વ્યવહારો ઉપરાંત નીચેના વ્યવહારોનો પણ સપ્લાયમાં સમાવેશ થશે.
- ✓ જેમ કે વેચાણ, ટ્રાન્સફર, બાર્ટર, લાયસન્સ, લીઝ ભાડે આપવું કે કોઈ પણ રીતે માલ કે સેવાનો ધંધા અવેજના બદલામાં ધંધા કે ધંધાના વિકાસ માટે નિકાલ કરવો.
- ✓ સપ્લાય માટે માલીકીની તબદીલ કે બે પક્ષકારનું હોવું જરૂરી નથી.
- ✓ દા.ત. એકજ કંપનીની એક બ્રાન્ચ માંથી બીજી બ્રાન્ચમાં માલ કે સેવાની તબદીલી ને સપલાય ગણાશે તેથી તેના ઉપર GST લાગુ પડશે.
- ✓ નીચે મુજબના વ્યવહારોએ સપ્લાયની પરીભાષામાં સમાવેશ થશે.
  - મફતમાં માલ અથવા સેવા આપવી.
  - ભાડાની આવક.
  - માલની આયાત પર (IMPORT OF GOODS)
  - વિદેશથી સેવા લીધી હોય (IMPORT OF SERVICE)
  - બ્રાન્ચ અથવા એજન્ટને માલ મોકલવો.
  - જોબવર્કરને જોબવર્ક માટે માલ મોકલવો હોય તો તેના પર.
  - ધંધાની કોઈપણ મીલકતનો અંગત વપરાશ કર્યો હોયતો તેના પર.
  - બાર્ટર સીસ્ટમ હેઠળ માલની અદલા બદલી કરવી.

➢ સપ્લાય કર્યાનો સમય કયારે ગણવામાં આવશે. :

✓ નીચેના પૈકી સૌથી પહેલા જે થાય તેને સપ્લાય કર્યાનો સમય ગણવામાં આવશે.

- માલ/સેવાઓ મળ્યાની તારીખ.
- સપ્લાયનું બીલ જે તારીખ મળેલ હોય.
- સપ્લાયનું પેમેન્ટ જે તારીખે કરવામાં આવેલ હોય.
- માલ લેનારના ચોપડામાં જે તારીખે એન્ટ્રી થયેલ હોય.

✓ જયારે માલ જાંગડ (APPROVAL) પર મોકલેલ હોય.

- માલ એપ્રુવ થયાની તારીખ.
- જે માલ ૬ મહીનાની અંદર પાછો આવે તો ટેક્ષ નહી લાગે.
- ૬ માસ બાદ GST લાગશે.

✓ જયારે માલ ખસેડી શકાય તેમ નહોય (FIXED).

- ત્યારે જયારે માલ પ્રાપ્ત કરનારને માલ હવાલે કરવામા આવે તે દિવસે.

✓ રીવર્સ ચાર્જ (સવિર્સ અથવા માલ લેનારને ભરવો પડતો ટેક્ષ).

- સેવા મળ્યાની તારીખ.
- સેવાનું બીલ જે તારીખે મળેલ હોય.
- સેવાનું પેમેન્ટ જે તારીખે કરવામાં આવે.
- સેવા મળ્યાનું જે તારીખે ચોપડે નોંધવામાં આવે.

➢ સપ્લાયની કિંમત શું ગણાશે ?

✓ માલ/સેવાઓ ના બીલના જણાવેલ રકમ

✓ સપ્લાય કરનારને જે રકમ ચૂકવવી જોઈતી હતી પરંતુ માલ કે સેવા મેળવનારે તે ચૂકવી હોય અને તેનો સમાવેશ સપ્લાયની કિંમતમાં ન થયો હોય તેવી રકમ ઉપર ટેક્ષ ભરવાનો રહેશે.

- ✓ કોઈને વિના મુલ્યે માલ આપવામાં આવે છે કે ઘટાડેલી કિંમતે પણ આપેલ હોય તો પણ તે માલની મૂળકિંમત ઉપર જ GST ભરવો પડશે.
- ✓ રોયલ્ટી અને લાયસન્સ ફી ઉપર પણ વેરો ભરવાનો થશે.
- ✓ સપ્લાયને લગતા ખર્ચાઓ જેવાકે પેકીગ, ટ્રાન્સપોર્ટ, રોયલ્ટી કમીશન જેવા ખર્ચનો માલની કિંમતમાં સમાવેશ કર્યો હશે તો તેના પર ટેક્ષ લાગશે.
- ✓ સપ્લાય સાથે સંકળાયેલ કોઈપણ પ્રકારની સબસીડીની રકમ પર GST લાગશે.
- ✓ સપ્લાય પછી ડીસ્કાઉન્ટ આપેલ હોય (CASH DISCOUNT) એટલેકે બીલમાં તેનો સમાવેશ કરવામાં ન આવેલ હોયતો તેવા ડીસ્કાઉન્ટ બાદ નહી મળે.
- ✓ સપ્લાયરે કરેલા કોઈપણ ખર્ચાઓનું રીઈનબર્સમેન્ટ જયારે કરવામાં આવે તો તે રીઈનબર્સમેન્ટની રકમ ઉપર GST લાગશે.

–: ઈનપુટ ટેક્ષ ક્રેડીટ ની જોગવાઇઓ :–

➢ ઈનપુટ ટેક્ષ ક્રેડીટ (ITC) કોને અને ક્યારે મળશે ?

- ✓ જે વેપારી પાસે મરજીયાત કે ફરજીયાત GST રજીસ્ટ્રેશન નંબર મેળવેલ હોય ઈનપુટ ટેક્ષ ક્રેડીટ (ITC) મળવાપાત્ર છે.
- ✓ જે વેપારી તેના બંધારણમાં વેચાણ, ડીમર્જન,લીઝ કે ટ્રાંસફર ધ્વારા ફેરફાર થતો હોયતો પણ વપરાયેલ ઈનપુટ ટેક્ષ ક્રેડીટ જેને ધંધો ટ્રાંસફર,તબદીલ થયો હોય ઈનપુટ ટેક્ષ ક્રેડીટ (ITC) હસ્તાંતર કરી શકાશે.

➢ ઈનપુટ ટેક્ષ ક્રેડીટ (ITC) મળવાપાત્ર શરતો :

- ✓ માલ/સેવાઓ ઉપર ચૂકવેલ વેરાની ક્રેડીટ લેવા માટે પ્રથમ તેનું મૂળ બીલ/ડેબીટ નોટ હોવી જરૂરી છે.
- ✓ વેપારીને માલ કે સેવાઓ ખરેખર મળેલી હોવી જોઈએ.
- ✓ જે વેપારી પાસેથી માલ કે સેવા મળેલ હોય તેણે ખરેખર પોતાનો વેરો ચૂકવેલ હોવો જોઈએ.

- ✓ જે વેપારીએ ઈનપુટ ટેક્ષ ક્રેડીટ માગતા હોય તેણે પોતાના પત્રકો ભરેલ હોવા જોઈએ.
- ✓ જો બીલની સામે માલ/સેવાઓ કટકે કટકે આપેલ હોય તો માલનો છેલ્લો કટકો મળ્યા પછી જ બીલમાં દર્શાવેલી ટેક્ષની રકમ ઈનપુટ તારીખે ક્રેડીટ મળશે.

➢ ઈનપુટ ટેક્ષ ક્રેડીટ (ITC) કોને નહી મળે ?:

- ✓ ઉચ્ચકવેરો (COMPOSITION) ભરતા વેપારી પાસેથી કરવામાં આવેલ ખરીદી ઉપર.
- ✓ માલ કે સેવાઓના પર્સનલ ઉપયોગ કરવામાં આવેલ હોયતો.
- ✓ કેટરીગ, ખાણીપીણી, કલબની મેમ્બરશીપ, વીમો (HEALTH) , ટ્રાવેલ બેનીફીટ, બ્યુટી ટ્રીટમેન્ટ, પ્લાસ્ટીક સર્જરી વગેરે પ્રકારના ખર્ચાઓ પર વેરો મજરે નહી મળે.
- ✓ કેપીટલ ગુડસ પરના વેરા ઉપર ઈન્કમટેક્ષ કાયદા હેઠળ ઘસારો (DEPRICIATION) બાદ લીધેલ હશે તો તે ટેક્ષની ક્રેડીટ નહી મળે.
- ✓ મોટર વાહન પર ભરેલા ટેક્ષની ક્રેડીટ નહી મળે.
- ✓ સ્થાવર મીલકત બનાવવા માટે લીધેલ માલ (દા.ત. સીમેન્ટ, સ્ટીલ, એગલ, સળીયા) જેમા માલીકી તબદીલ ન થઈ હોય તેવા માલ પર ભરેલ ટેક્ષ ક્રેડીટ તારીખે બાદ નહી મળે.
- ✓ કોઈપણ કરપાત્ર વ્યકિતએ માલ/સેવા ઉપર જે તે સમયે ચૂકવેલ ઈનપુટ ટેક્ષ ક્રેડીટ મેળવી લીધા બાદ તે ઉચ્ચક વેરાનો વીકલ્પ સ્વીકારે તો માલસ્ટોકમાં હોય તેના પર જમા ઈનપુટ ક્રેડીટ તેમાંથી બાદ કરવાની રહેશે.
- ✓ જે વર્ષનું બીલ હોયતે વર્ષ પૂરુ થયા બાદના વર્ષના સપ્ટેમ્બર માસના પત્રક કે તે વર્ષનું વાર્ષિક પત્રક ભર્યાની તારીખ એ બેમાંથી જે વહેલું હોય તે પછી ઈનપુટ ટેક્ષ ક્રેડીટ (ITC) રહી ગયેલ હશે તે માંગી શકાશે નહી.
- ✓ જો કોઈ કેપીટલ ગુડર્સ પર ઈનપુટ ટેક્ષ મેળવી લીધા બાદ તેનો સપ્લાય કરવામાં આવેતો નિર્દિષ્ટ કરેલા ટકાવારીએ મેળવેલ ઈનપુટ ટેક્ષ ક્રેડીટમાં ઘટાડો કરીને વધતી બાકીની રકમ અથવા કેપીટલ ગુડર્સના સપ્લાયની કિંમત પરનો વેરો બે માંથી જે વધુ હોયતે રકમ ભરવાની રહેશે.
- ✓ જે માલ ખોવાઈ ગયો કે ચોરાઈ ગયો હોય અથવા તેને ફ્રી સેમ્પલ ગ્રીફટ તરીકે આપેલ હોય તો તેની ક્રેડીટ નહી મળે.

✓ GST માં ઈનપુટ ટેક્ષ ક્રેડીટ મજરે મળવા અંગે.



ઉદાહરણ –૨

✓ “A” રજીસ્ટર્ડ ડીલર પાસે CGST Rs. 900/- અને SGST Rs. 900/- ની ઈનપુટ ટેક્ષ ક્રેડીટ પડેલ છે.

- વેચાણ–૧ “A” ગુજરાત રાજયમાં રૂપીયા 8,000/- નો માલ વેચ્યો. (Within State Sale)
- વેચાણ–ર “A” રૂપીયા 5,000/- નો માલ રાજસ્થાનની બ્રાન્ચમાં ટ્રાન્સફર કર્યો. (Branch Transfer)
- વેચાણ–૩ “A” એ રૂપીયા 15,000/- નો માલ મુબઈના વેપારીને વેચ્યો. (Inter State Sale)

ઉપરોકત માલના વેચાણ માટે GST નો દર 18% છે.

શાહ ટીલાણી એન્ડ એસોસીએટ્સ

		With in Gujarat	Branch in to Rajasthan	Inter State to Maharashtra	Total
માલની કિંમત		Rs.8,000/-	Rs.5,000/-	Rs.15,000/-	Rs.28,000/-
ટેક્ષ	CGST 9%	720	-	-	720
	SGST 9%	720	-	-	720
	IGST 18%	-	900	2700	3600
કુલ ટેક્ષ ભરવાપાત્ર		1440	900		5040
Less :	ઈનપુટ ટેક્ષ ક્રેડીટ				
	CGST	720	180	-	
	SGST	720	180	-	
	IGST	-	-	-	
ભરવાપાત્ર રકમ					
	CGST	-	-	-	
	SGST	-	-	-	
	IGST	-	540	2700	3240

–: રજીસ્ટ્રેશનની જોગવાઈઓ :–

➢ રજીસ્ટ્રેશન માટે ટર્નઓવરની મર્યાદા :

✓ ૨૦ લાખ ટર્નઓવર નોર્મલ કેટેગરી માટે.

✓ ૧૦ લાખ ટર્નઓવર પૂર્વ રાજ્યો માટે (અરૂણાચલ પ્રદેશ, આસમ, મેઘાલય, મીજોરમ, મણીપૂર, ત્રીપુરા, નાગાલેન્ડ, સીકકીમ)

➢ ફરજીયાત રજીસ્ટ્રેશન :

✓ જે વેપારી રીવર્સચાર્જ હેઠળ વેરો ભરવા જવાબદાર હોય.

✓ ઈકોમર્સ ઓપરેટર ધ્વારા માલ/સેવા સપ્લાય કરનાર વ્યકતી.

✓ ઈકોમર્સ ઓપરેટર.

✓ ઈનપુટ સર્વીસ ડીસ્ટ્રીબ્યુટર્સ (ISD).

✓ જે લોકો GST-TDS/TCS માટે જવાબદાર હોય.

- ✓ જે લોકો એજન્ટ તરીકે કામ કરવાના હોય તે.
- ✓ નોન રેસીડન્ટ ટેક્ષેબલ વ્યકિત (NRI).
- ✓ આંતર રાજય ટેક્ષેબલ સપ્લાય કરનાર.
- ✓ પ્રાસંગીક (CASUAL) ટેક્ષેબલ સપ્લાય કરનાર.
- ✓ કેન્દ્ર સરકાર જે વ્યકિતને નોટીફાય કરે તે વ્યકિત.
- ✓ માલ તથા સેવા આયાર્ત કરનાર વ્યકિત.

➢ ધંધાની જગ્યા :

- ✓ જે રાજય માંથી કરપાત્ર માલ અથવા સેવાનો સપ્લાય થાય તે રાજય માંથી રજીસ્ટ્રેશન લેવાનું રહેશે.
- ✓ જે વ્યકિત અલગ–અલગ રાજયોમાં વ્યવસાય કરતો હોય તેને દરેક રાજયમાં અલગ–અલગ રજીસ્ટ્રેશન લેવા પડશે.

➢ પ્રાસંગીક (CASUAL) ડીલર :

- ✓ પ્રાસંગીક (CASUAL) ડીલર માટે રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ ૯૦ દિવસ માટે મર્યાદીત રહેશે. જો જરૂર પડશે તો બીજા ૯૦ દિવસ લંબાવી અપાશે.

➢ રજીસ્ટ્રેશનને લગતી અન્ય વિગતો :

- ✓ SGST અને CGST બન્ને નંબર લેવા પડશે.
- ✓ આંતર રાજય સપ્લાયર કરતા હોયતો IGST નંબર લેવા પડશે.
- ✓ ફરજીયાત રજીસ્ટ્રેશનમાં વ્યકિતએ ૩૦ દિવસમાં નોંધણી માટે અરજી કરવાની રહેશે.
- ✓ GST નંબર મેળવવા PAN હોવો ફરજીયાત છે. પણ નોન રેસીડેન્ટ વ્યકિતને આમા છૂટ મળેલ છે.
- ✓ કોઈ એક વ્યકિતએ એક રાજયમાં એકથી વધુ બીઝનેસ ડીવીઝન (VERTICAL SEGMENT) હોયતો દરેક ડીવીઝન માટે અલગ નોંધણી નંબર મેળવી શકાશે.

- ✓ GST નંબરનો એનાલીસીસ
- ✓ GST નંબર ૧૫ આંકડાનો રહેશે.
- ✓ પ્રથમ ૨ આંકડા રાજયને નીદેર્શ કરશે.
- ✓ ૩ થી ૧૨ આંકડા PAN નંબરના રહેશે.
- ✓ ૧૩ મો આંકડો રાજયમાં તેના કેટલા નંબર છે તે રહેશે.
- ✓ ૧૪મો આંકડો ખાલી હશે.
- ✓ અને છેલ્લો આંકડો એટલે ૧૫ મો આંકડો એ તે વ્યકિત ઓળખવાનો રહેશે.



- ✓ નોધણી નંબરની અરજી કર્યાની તારીખથી જવાબદાર અધિકારી ધ્વારા ડોકયુમેન્ટમાં જે કોઈ ખામી હોય તોતે ત્રણ દિવસમાં જાણ કરવી પડશે. નહીતો નોધણી નંબર આપી દેવામાં આવ્યો તેમ માનવામાં આવશે.

➢ GST કોને લાગું નહી પડે :

- ✓ જે વેપારી કે ઉત્પાદકનું વાર્ષિક સપ્લાય ટર્નઓવર (માલ અથવા સેવાનું) ૨૦ લાખથી ઓછું હશે તેને લાગુ પડશે નહી.

➢ GST ના ક્ષેત્રેની બહારની વસ્તુઓ :

✓ પ્રેટ્રોલીયમ પેદાશો,તમાકુની બનાવટો તથા દારૂ હાલના તબકકે થી બહાર રહેશે અને કેન્દ્ર સરકાર નકકી કરશે તે મુજબ કેન્દ્ર/રાજય સરકાર આ વસ્તુઓ/સેવાઓ પર વેરો ઉઘરાવશે.આવા માલ/સેવાઓ ઉપર વેરો ઉઘરાવવાની સતા રાજય સરકારની રહેશે.

–: ટ્રાન્ઝીશન સમય માટેની જોગવાઈઓ :–

➢ **વેટ/એકસાઈઝ/સર્વીસટેક્ષ થી GST ટ્રાન્ઝીશન માટેની જોગવાઈઓ. :**

✓ જુના કાયદાના છેલ્લા દિવસે રીટર્ન મુજબ બાકી રહેતી જમા રકમ અમુક શરતોને આધીન GST માં લઈ જવાની જોગવાઈ છે.

✓ વેટ અને એન્ટ્રીટેક્ષનો આગળ ખેચેલ રીફંડ SGST તરીખે જમા મળશે.

✓ સર્વીસટેક્ષ તથા એકસાઈઝને લાગતા આગળ ખેચેલો રીફંડ CGST તરીખે જમા મળશે.

➢ **કેપીટલ ગુડઝની બાકી રહેતી ક્રેડીટ. :**

✓ હાલના કાયદા મુજબે કેપીટલ ગુડઝની ખરીદી પરની એકસાઇઝ ડયુટી 50% ખરીદીના વર્ષે અને બાકીની 50% તે પછીના બીજા વર્ષે મળે છે. પરંતુ પછીના વર્ષમાં બાદ મળનારી 50% Excise Duty GST નો ફાયદો અમલ આવતા જમા મળશે.

✓ કૃષી કલ્યાણ (KKC) અને ઉચ્ચ ભણતરનો (Higher Education Cess) નવા GST કાયદા હેઠળ જમા નહી મળે.

➢ **કાચામાલ વર્ક ઈન પ્રોસેસ અને પાકામાં રહેલ ડયુટી. :**

✓ વેટ અને એકસાઈઝ/સર્વીસટેક્ષ માં જે રજીસ્ટર્ડ નથી અને GST કાયદા હેઠળ ટેક્ષ ભરવાપાત્ર છે. તેવા વેપારી કલોઝીગ સ્ટોક/ WIP/ પાકા માલમાં રહેલ ડયુટી નીચે મુજબ GST માં જમા મળશે.

- તે સ્ટોક ટેક્ષેબલ સપ્લાયમાં વપરાતો હોવો જોઈએ.

- ૧૨ માસ પહેલાનો સ્ટોકના કર પર GST માં જમા નહી મળે.

✓ વેપારી પહેલા જે ઉચ્ચકવેરા (COMPOSITION TAX) માં રજીસ્ટર્ડ હતા અને GST માં તેઓ રજીસ્ટર્ડ સપ્લાયર છે. તેઓને ટેક્ષ ક્રેડીટ ઉપરના નીયમ મુજબ બાદ મળશે.

✓ એજન્ટ પાસેના પહેલા સ્ટોકની ક્રેડીટ નીચે મૂજબ મળે.

- એજન્ટ GST માં રજીસ્ટર્ડ હોવો જરૂરી છે. અને એજન્ટ પાસે પાકા માલની ક્રેડીટ એજન્ટ એજ લેવાની રહેશે.
- પ્રીન્સીપલના ચોપડે એજન્ટ પાસે બતાવેલા સ્ટોકની જ ક્રેડીટ મળશે.
- ૧૨ માસ પહેલાના સ્ટોક પર GST માં ક્રેડીટ નહી મળે.
- પ્રીન્સીપલે એ માલની ક્રેડીટ લીધેલ ન હોવી જોઈએ.

➢ **જોબ વર્કર પાસે રહેલ માલ બાબત.**

✓ જોબ વર્કર પાસે રહેલ કાચામાલની વિગતની જાણ અધિકારીને કરવાની રહેશે.

✓ આવી જાણ મેન્યુફેકચરર અને જોબવર્કર બન્નેએ કરવાની રહેશે.

✓ GST નો કાયદો અમલમાં આવે ત્યારથી છ મહીનાની અંદર આ માલ જોબવર્કર પાસેથી ઉત્પાદકને મળી જવો જરૂરી છે.યોગ્ય કારણ હોયતો આ સમયગાળામાં બે મહીના માટે વધારી શકાય.

✓ જો આસમયગાળામાં માલ ઉત્પાદકને પાછો નથી મળતો તે આ માલ ઉપર લઈ લીધેલ ઈનપુટ ટેક્ષ ક્રેડીટ પાછી આપી દેવી પડશે.

<u>–: ઉચ્ચકવેરા (Composition) ની જોગવાઈઓ :–</u>

➢ જે વ્યકિતનું ગત વર્ષનું વાર્ષિક ટર્નઓવર 50 લાખથી ઓછું હોય તેવા વ્યકિત ઉચ્ચકવેરાનો લાભ લઈ શકશે. જે નીચે મુજબ છે.

✓ ઉત્પાદક (મેન્યુફેકચરર) (SGST-1% + CGST-1%) – 2%

✓ રેસ્ટોરેન્ટ, કેટરર્સ, કેન્ટીન, ભોજનાલર્ય (SGST-2.5% + CGST-2.5%) – 5%

✓ રીટેલર (SGST-0.5% + CGST-0.5%) – 1%

- ✓ આ વિકલ્પ માટે પરવાનગી લેવી પડશે.

–: બીલ બનાવવાની જોગવાઈઓ :–

- ✓ નોંધાયેલ કરપાત્ર વ્યકિતએ કરપાત્ર માલ કે સેવાઓ સપ્લાય માટે ટેક્ષ બીલ આપવાનું રહેશે.
- ✓ બીલમાં માલનું વર્ણન, માલનો જથ્થો, માલની કિંમત અને લગાવેલ વેરાની અને HSN NO. માહિતી સામેલ કરવાની રહેશે.
- ✓ રૂપીયા ૨૦૦/– સુધીની રકમ હોય તો ટેક્ષ બીલ બનાવવાની જરૂર નથી.
- ✓ ટેક્ષ ફ્રી સેવા કે વેચાણ હોયતો ટેક્ષ બીલને બદલે સાદુ બીલ આપી શકાશે.
- ✓ જો કોઈ એડવાન્સ રકમ મળેતો તેની રસીદ આપવી પડશે.
- ✓ માલ જાંગડ (On Approval) આપતી વખતે પણ બીલ બનાવવું પડશે.
- ✓ સપ્લાય કર્યા પછી વ્યકિતએ ૩૦ દિવસની અંદર બીલ બનાવી દેવું પડશે.
- ✓ ટેક્ષ બીલમાં માલ અથવા સેવાની સામે HSN Code/ SAC No. આપવા પડશે.
- ✓ જો આગલા વર્ષનું ટર્નઓવર 1.5 Cr. થી ઓછું હોયતો HSN Code લખવાનું ફરજીયાત નથી. અને જો ટર્નઓવર 1.5 Cr. To 5 Cr. હોયતો બે આંકડાનો HSN Code લખવું પડશે. અને જો 5 Cr. થી વધુ હોયતો ચાર આંકડાનો HSN Code લખવો પડશે.
- ✓ નિકાસ (EXPORT) કરેલ માલમાં આઠ આંકડાનો HSN Code નંબર આપવા પડશે.

શાહ ટીલાણી એન્ડ એસોસીએટ્સ

_–: પત્રકો અને રીટર્ન :–_

- ✓ માસ પૂરો થયાના ૧૦ દિવસમાં વેપારીએ કરેલ સપ્લાયને લગતા દરેક બીલની વિગતની માહિતીનું પત્રક ભરવાનું રહેશે.
- ✓ વેપારીએ માસ પુરો થયાના ૧૫ દિવસમાં પોતે ખરીદેલ માલ કે સેવાને લગતી દરેક બીલ વિગત અને મળેલ ડેબીટ અને ક્રેડીટ નોટર્સની માહિતીનું પત્રક ભરવાનું રહેશે.
- ✓ તે પછી માસ પૂરો થયાના ૧૦ દિવસની અંદર ટેક્ષ ભરીને માસીક પત્રક ભરવાનું રહેશે.
- ✓ વેરો ભર્યા વગરનું પત્રક કાયદેસરનું ગણાશે નહી.
- ✓ આગલા મહીનાનું પત્રક ભરવાનું બાકી રહી ગયું હશેતો પછીના મહીનાનું પત્રક ભરી શકાશે નહી.
- ✓ કોઈ માસમાં વેચાણ અને ખરીદી ન હોયતો પણ પત્રક ભરવું ફરજીયાત છે.
- ✓ પત્રક ભરી દીધા બાદ તેમા કોઈ ભૂલ જણાયતો રીવાઈસ પત્રક ભરી શકાશે નહી. પરંતુ પછીના માસના રીટર્નમાં ભૂલ સૂધારી શકાશે.
- ✓ માસીક રીટર્ન ઉપરાંત એક વાર્ષિક પત્રક જેતે વર્ષ પૂરુ થયા પછીના ૩૧ ડિસેમ્બર સુધી ભરવાનું રહેશે.
- ✓ રીટર્ન મોડું ભરવા બદલ રીટર્ન દીઠ રોજના 100 Rs. લેખે ફરજીયાત પેનેલ્ટી લાગશે.
- ✓ ઉચ્ચક વેરા (Composition) નો વિકલ્પ સ્વીકારનાર વ્યકિતએ જેતે ત્રીમાસીક રીટર્ન ફાઈલ કરવાનું રહેશે.
- ✓ રૂા. એક કરોડથી વધારે સપ્લાયવાળી વ્યકિતએ ઓડીટ ફરજીયાત કરાવવાનું રહશે.
- ✓ રજીસ્ટ્રેશન, રીટર્ન, આકારણી , અપીલ વગેરે પ્રત્યેક કામકાજ ઈલેકટ્રોનીક માધ્યમ ધ્વારા કરવાનું રહેશે.

શાહ ટીલાણી એન્ડ એસોસીએટ્સ

–: પત્રકોની વિગતો અને ડોકયુમેન્ટ :–

	RETURN FORM	શુ ફાઈલ કરવાનું ?	કયારે ફાઈલ કરવાનુ	લેટ ફી
માસીક પત્રકો	GSTR-1	ટેક્ષેબલ માલ અથવા સેવાઓના સપ્લાયની વિગત	માસ પૂરા થયાના ૧૦ દિવસમાં	લેટ ફી રૂા.૧૦૦/– પ્રતી દિન મહતમ રૂા.૫,૦૦૦/–
	GSTR-2	માલ કે સેવાઓ ખરીદીની વિગતો કે જેમા ઈનપુટ ટેક્ષ ક્રેડીટ મળવાપાત્ર	માસ પુરાના ૧૫ દિવસમાં	
	GSTR-3	માસીક પત્રક કે જેમાં ફાઈનલ વેચાણ અને ખરીદી વિગતો અને ટેક્ષ પેમેન્ટની વિગતો	માસ પુરા થયાના ૨૦ દિવસમાં	
	GSTR-5	ફોરેન નોન રેસીડેન્ટ ટેક્ષેબલ પર્સન	માસ પૂરા થયાના ૨૦ દિવસમાં	
	GSTR-6	ઈનપુટ સર્વીસ ડીસ્ટ્રીબ્યુટર માટે	માસ પૂરા થયાની ૨૦ દિવસમાં	
	GSTR-7	જે ઓથોરીટી TDS કાપતી હોય તે ડીટેલ	માસ પૂરા થયાની ૧૦ દિવસમાં	
	GSTR-8	ઈ કોમર્સ ઓપરેટરો અને જે ઓથોરીટી ટેક્ષ કલેકટ કરતી હોય તે	માસ પૂરા થયાની ૧૦ દિવસમાં	---

શાહ ટીલાણી એન્ડ એસોસીએટ્સ

ત્રિમાસીક પત્રકો	GSTR-4	ત્રિમાસીક સેટ પત્રક ઉચ્ચક વેરામાં જે હોય	માસ પુરા થયાના ૧૮ દિવસમાં	લેટ ફી રૂા.૧૦૦/– પ્રતી દિન મહતમ રૂા.૫,૦૦૦/–
વાર્ષિક પત્રકો	GSTR-9	વાર્ષિક પત્રક	વર્ષ પૂરુ થયાની ૩૧ ડિસેમ્બરે	લેટ ફી રૂા.૧૦૦/– પ્રતી દિન મહતમ ટર્ન ઓવરના ૦.૨૫ ९
છેલ્લુ પત્રક	GSTR-10	જે ટેક્ષેબલ વ્યકિત રજીસ્ટ્રેશન સરન્ડર કે કેન્સલ થયા હોય	જે દિવસે રજીસ્ટ્રેસન કેન્સલ કે સરન્ડર થયો હોય તેના ત્રણ માસમાં જે મોડુ હોય તે	લેટ ફી રૂા.૧૦૦/– પ્રતી દિન મહતમ રૂા.૫,૦૦૦/–

–: પત્રકો મેળવણી અંગે (MATCHING) :–

- ✓ માલ સપ્લાય કરનારે ૧૦ દિવસમાં પત્રક ભરવાનુ રહેશે.અને માલ/સર્વિસ ખરીદનાર કે પ્રાપ્ત કરનારે ૧૫ દિવસમાં પત્રક ભરવાનુ રહેશે.આથી જે સપ્લાયરે જે સપ્લાય કરેલ છે તે બીલની મેળવણી ૨૦ દિવસમાં થાય. માલ/સર્વિસ પ્રાપ્ત કરનાર પત્રક ભરશે. ત્યારેઆ બન્નેની મેળવણી કરવાથી એકબીજાના સપ્લાય/સેવા ક્રોસ ટેલી ૫ દિવસમાં થઈ જશે.
- ✓ પરતું જો ક્રેડીટ મીસમેચ જણાસે કે માલ કે સેવા પૂરા કરનારે માગેલ ઈનપુટ ટેક્ષ ક્રેડીટ સપ્લાય કરનારની જવાબદારી કરતા વધુ છે તો આવી માહિતી બન્ને પક્ષકારોને ઈલેકટ્રોનીકલ જણાવવાની રહેશે.
- ✓ માલ કે સેવા સપ્લાય કરનારે જો આઉટ પુટ ટેક્ષ ઓછો ભર્યો તો બાકી ટેક્ષ વ્યાજ સાથે રકમ ભરીને જવાબદારી પૂરી કરી શકાશે.

શાહ ટીલાણી એન્ડ એસોસીએટ્સ

- ✓ આ પ્રકારે મેળવણી થવાથી પાંચ દિવસમાં ભૂલચૂક બોગસ વ્યવહાર પકડાઈ જશે.

_–: સામેની વ્યકિત પત્રક ફાઈલ ન કરેતો :–_

- ✓ સામાન્ય રીતે એક વેપારી અનેક વેપારીને વેચાણ કરતા હોય છે. અથવા સેવા આપતા હોય છે. ખરીદનાર અથવા સેવા લેનાર વ્યકિત તેની ટેક્ષ ક્રેડીટ મજરે લેતા હોય છે.
- ✓ હવે GST કાયદામાં કરવામાં આવેલ જોગવાઈઓ મુજબ જો વેચનાર કે સેવા આપનાર વ્યકિત રીટર્ન ફાઈલ નહી કરેતો તેના સંકળાયેલ વ્યકિતઓની ટેક્ષ ક્રેડીટ અટવાઈ જશે.
- ✓ કારણે કે ખરીદનાર વ્યકિતના ખાતાના ઈનપુટ ક્રેડીટની વિગતો રીફલેકટ નહી થાય પરીણામે ITC અટકી પડશે પરીણામે ખરીદ કરનારકે સેવા લેનાર વ્યકિત જાગૃત નહીં હોયતો દંડાઈ જવાની પૂરી શકયતા છે.

–: ટેક્ષ ભરવાની અને ITC મજરે લેવાની પધ્ધતિ :–

- ✓ ટેક્ષની રૂપીયા ૧૦,૦૦૦/– કે તેથી ઓછી રકમ વ્યકિત ચેક અથવા રોકડા જમા કરાવીને અથવા ડીમાન્ડડ્રાફટથી કરી શકાશે આનાથી વધારે રકમ ઈન્ટરનેટથી ડેબીટકાર્ડ અથવા ક્રેડીટકાર્ડથી કરી શકાશે.
- ✓ આવી રીતે ભરેલ ઉપરોકત રકમ વ્યકિતના ઈલેકટ્રોનીક કેશ લેજરમાં જમા થશે.જેનો ઉપયોગ ટેક્ષ,વ્યાજ, દંડ અથવા ફી ભરી કરી શકાશે.
- ✓ ઈનપુટ ક્રેડીટની રકમ ઈલેકટ્રોનીક ક્રેડીટ લેજરમાં જમા થશે. જેનો ઉપયોગ ફકત આઉટપુટ ટેક્ષ ભરવા માટે જ થઈ શકશે.

–: નવી સ્ટાર (STAR) પધ્ધતી આવશે.:–

- ✓ કોમ્પ્યુટર ધ્વારા વેપારી, વ્યકિતઓ, સપ્લાયર ને તે આપોઆપ જે તે સ્ટાર સીસ્ટમમાં મુકી દેશે. એટલેકે દરેક વ્યકિત / સપ્લાયરને સ્ટાર મળશે અને તે દરેકના સ્ક્રીન ઉપર દેખાશે કે કયા વ્યકિત / સપ્લાયર કયો સ્ટાર જે તે સમયે ધરાવે છે. દા.ત. STAR 1, STAR 2, STAR 3, STAR 4, STAR 5.

- ✓ આરીતે ૧ થી ૫ સ્ટારની કેટેગરી કોમ્પ્યુટર નકકી કરશે.જેમા ફાઈવસ્ટાર વ્યકિત દરેક રીતે રેગ્યુલર વ્યકિત ગણાશે. કે જે તમામ પત્રકો રેગ્યુગર ભરતા હશે અને તમામ વેરા સમયસર ભરતા હશે.

-: જોબવર્ક (Job Work) :-

- ✓ માલના ઉત્પાદકે જોબવર્ક માટે માલ જોબવર્કને મોકલાવશે તો તેને સપ્લાય ગણવામાં નહી આવે. પરતું આ માટે જવાબદાર અધિકારીને ખાસ જાણ કરવી પડશે.
- ✓ આ રીતે ટેક્ષ વગર જોબવર્ક માટે મોકલેલ માલ જોબવર્ક પૂરુ થઈ ગયા બાદ.
    - પ્રીન્સીપલે પોતાની કોઈપણ જગ્યાએ પાછો લાવવો પડશે.
    - જો પ્રીન્સીપલ જોબવર્ક માટે મોકલેલ માલ જોબવર્કનું કામ પત્યા પછી બારોબાર બીજી જગ્યાએ મોકલી દે તો પ્રીન્સીપલે પહેલા જોબવર્કરની જગ્યાને તે વધારાની પોતાની ધંધાની જગ્યા તરીકે દર્શાવવી પડશે.
    - જો જોબવર્ક પૂરુ કરાવીને એક વર્ષમાં જોબવર્કર પાસેથી માલ પરત મેળવી લેવો પડશે તથા કેપીટલ ગુડઝને આરીતે જોબવર્ક માટે જોબવર્કરને મોકલેલ હશેતો આ કેપીટલ ગુડઝ મોકલ્યાની તારીખથી ત્રણ વર્ષની અંદર પરત લાવવાનુ રહેશે. જો માલ ૧ વર્ષની અંદર અને કેપીટલ ગુડઝ ૩ વર્ષની અંદર પાછા નહી આવે તો સપ્લાય ગણાશે અને ટેક્ષ લાગશે.
    - હિસાબની જવાબદારી અને ટેક્ષ ભરવાની જવાબદારી હંમેશા આ પ્રકારના જોબવર્ક માટે પ્રીન્સીપલની રહેશે.

ટેકસટાઈલ ઈન્ડસ્ટ્રીસને GST લાગુ પડતા ધ્યાનમાં રાખવા જેવી વિગતો.

GST એ સૌથી મોટો ટેક્ષ રીફોર્મ છે. તે ૧/૦૭/૨૦૧૭ થી લાગુ થશે. GST કાઉન્સીલે ૦૩/૦૬/૨૦૧૭એ ટેક્ષટાઈલસ પર GST ના કર નકકી કરેલછે.જે નીચે મુજબ છે.

SR.NO.	વિગત	GST RATE
1.	કોટન (COTTON)	5%
2.	કોટન યાર્ન (COTTON YARN)	5%
3.	બધા ફેબરીકસ (All Type of Fabrics)	5%
4.	સીન્થેટીક યાર્ન	18%
5.	રેડીમેઈડ ગારમેન્ટસ (Readymade Garments)	12%
6.	રેડીમેઈડ ગારમેન્ટસ ૧૦૦૦/– સુધી (Readymade Garments up to 1000/-)	5% (NO CREDIT)
7.	સીલ્ક અને પુટ ફાઈબર (Silk and Satin Fabrics)	NIL

હવે સમય આવી ગયો છે કે ટેકસટાઈલ ઈન્ડસ્ટ્રી GST માટે તૈયાર રહે. જે ૦૧/૦૭/૨૦૧૭ થી લાગુ પડશે. નીચેના પગલાઓ ૩૦/૦૬/૨૦૧૭ પહેલા તરતજ લેવા પડશે.

- ✓ કાચોમાલ, વર્ક ઈન પ્રોગેર્સ અને તૈયાર માલ સ્ટોક જે ફેકટરીની અંદર પડેલ છે તેની ગણતરી કરવી.
- ✓ જોબવર્કર પાસે પડેલ માલની પણ ગણતરી કરવી.
- ✓ પેકીગ મટીરીયલ, કેમીકલ ના સ્ટોકની ગણતરી કરવી
- ✓ એ બધા સ્ટોકના સપ્લાયરના ઈન્વોઈસ અલગ કરવા.
- ✓ એ ઈન્વોઈસ કે બીલમાં પાર્ટનું નામ અને ટેક્ષની રકમ VAT & Central excise અલગ હોવી જોઈએ.

✓ એ ઈનવોઈસમાં પડેલ ડયુટી, સ્ટોક સ્ટેટમેન્ટ ફાઈલ કર્યાના ૩૦ દિવસની (I.C.30/07/2017) અંદર લઈ લેવાની રહેશે.

✓ નીચેની વિગતો સપ્લાર્યસ જોડેથી મગાવી રાખવી

- GST NO. OR PROVISIONAL NO.
- HSN CODE OR SERVICE ACCOUNTING CODE
- PAN NO
- રજીસ્ટર્ડ સરનામું (REGISTED ADDRESS)
- કોન્ટેક ડીટેઈલસ (CONTACT NO.)
- ઈમેઈલ આઈ.ડી. (EMAIL ID)

✓ જે સપ્લાય GST માં રજીસ્ટર્ડ નથી જે અન રજીસ્ટર્ડ ડીલર (UNREGISTED DEALER) તરીખે ઓળખાશે અને તેની પાસેથી ખરીદી કરેલ માલ પર GST રીવર્સ ચાર્જમાં જાતે ભરવાનાં રહેશે.

✓ જે એજન્ટ ધ્વારા સપ્લાય થતો હોયતો એજન્ટે GST માં રજીસ્ટ્રેશન કરાવવું પડશે. આ બીલ એજન્ટના નામે અને એજન્ટની જગ્યાએથી આપવું પડશે.

✓ જે સપ્લાયે તમારો GST NO તેના પત્રકમાં દર્શાવેલ હશે તોજ તેની ક્રેડીટ તમને મળશે જેથી નીચેના સપ્લાર્યનો તમારો GST NO અપડેટ કરવો.

- ટેલીફોન ઓપરેટર – કાચોમાલ ના વેપારી
- મોબાઈલ સર્વીસ પ્રોવાઈડરર્સ – પેકીગ માલના વેપારી
- એર ટીકીટ એજન્ટ – કેમીકલના વેપારી
- ટ્રાંસપોટર્સ – કુરીયરના વેપારી

✓ GST એ જો વ્યાજ અને લેટ ફી (LATE FEE) જે ગ્રાહક પાસેથી મળેલ હોય તેના પર પણ લાગશે. (આડતીયા)

શાહ ટીલાણી એન્ડ એસોસીએટ્સ

જવેલરી ઇન્ડસ્ટ્રીઝ ને GST લાગુ પડતા ધ્યાન માં રાખવા જેવી વિગતો

- ✓ સોનું, જેમ્સ, જવેલરી ઉપર 3 % ટેક્ષ લાગસે.
- ✓ બધી URD PURCHASE માં 3 % GST ડીલરે ભરવાનો રહેશે, અને તેની પછીના પત્રક માં ઈનપુટ ટેક્ષ ક્રેડીટ લેવાની રહેશે.
- ✓ બધા ઘરેણા ઉપર ના મેકિંગ ચાર્જ પર URD લેબર ચાર્જ હોય તો તેના ઉપર 3 % GST ડીલરે ભરવાનો રહેશે, અને તેની પછીના પત્રક માં ઈનપુટ ટેક્ષ ક્રેડીટ લેવાની રહેશે.
- ✓ URD PURCHASE હોય તો માસિક પત્રક માં તેમના PAN નંબર અને ADDRESS ની વિગત આપવાની રહેશે.
- ✓ જો સપ્લાયરે GST ભર્યો હોય અને તે પત્રક માં બતાવેલ હોય તો જ તે RD PURCHASE ની ઈનપુટ ક્રેડીટ મજરે મળશે .
- ✓ એક્સચેન્જ કે બારટર (સોના ની સામે સોનું લીધેલ હોય) તો પણ તેના પર GST લાગશે.
- ✓ જો કોઈ ગ્રાહક પાસે થી એડવાન્સ મળેલ હોય તો તેના ઉપર પણ GST લાગશે.
- ✓ જો કોઈ બીલ નું પેમેન્ટ ૬ માસ માં નહિ કરવામાં આવશે તો તેની ઈનપુટ ટેક્ષ ક્રેડીટ મજરે નહી મળે.
- ✓ અલગ થી જણાવેલ લેબર અને રિપેરિંગ અને પોલિશિંગ આવક ઉપર પણ GST લાગશે.

શાહ ટીલાણી એન્ડ એસોસીએટ્સ

શાહ ટીલાણી એન્ડ એસોસીએટ્સ

ચાર્ટર્ડ એકાઉન્ટએન્ટસ

E-૩૧૫, સુમેલ બીસનેસ પાર્ક-૩

ન્યુ ક્લોથ માર્કેટ ની સામે,

સારંગપુર, અમદાવાદ - ૦૨

૯૪૨૬૩૪૧૧૦૦/ ૯૮૨૪૯૬૬૧૩૯

www.shahteelani.com , shahteelani@gmail.com